Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Humanity
ISSN: 2279-0233
Continuous issue-23 | April – May 2016

# "ઉપનિષદ્ અને ન્યાયદર્શનની વિચારણા"

ભારતીય તત્વજ્ઞાનની શરુઆત આપણે વેદ-ઉપનિષદથી થયેલી જોઇએ છે. સૃષ્ટિમાં વિકાસ કે માનવમનના વિકાસ પાછળ કયા રહસ્યમય અજ્ઞાતતત્ત્વો કામ કરી રહ્યા છે ? તેને જાણવાનો પ્રયત્ન આપણે ઉપનિષને આધારે કરે છીએ. ઉપનિષદનું તત્ત્વજ્ઞાન "कस्मिन्नु भगवो विज्ञाते सर्वभिदं विज्ञातं भवति ।" (1) ત્યાંથી શરુ કરીને "आत्मा वा अरे द्रव्टव्यः श्रोतव्यो मन्तव्ये निदिध्यासितव्यो" થી આગળ વધીને सर्व खलु इदं ब्रह्म, तत्त्वमसिના ઉપદેશ અને અનુભૂતિ સાથે સમાપ્ત થાય છે.

પરંતુ માનજાતની વિચારણા જેમ જેમ આગળ વધતી ગઇ, તેમ તેમ નવા નવા સાસ્રો જન્મતા ગયા. આથી જ અધ્યાત્મજ્ઞાન દર્શાવતા બધા દર્શનો ઉપનિષદોના સર્વસ્પર્શી વિચારોથી પ્રેરાયા અને આગળ વધ્યા. ડૉ. રાધાકૃષ્ણનના વિચારો અહીં પ્રસ્તુત ગણાય કે, "ઉપનિષદો માનવ આત્માના એક અતિમહાન પ્રકારણની અભિવ્યક્તિ અને તેણે છેલ્લા ત્રણ હજાર વર્ષોથી ભારતીય દર્શન, ધર્મ અને જીવન પર પોતાનું વર્ચસ્વ દર્શાવ્યુ છે. દરેક પાર્શ્વગામી ધાર્મિક ચળવળને, પોતાની જાતને તેનાં તાત્ત્વિક વિધાનોને અનુરુપ રહેવું પડ્યું છે." (2)

ઉપનિષદના વિચારોનું પ્રતિબિંબ ન્યાયદર્શન ઉપર પણ પડેલું જોવા મળે છે. એ ગુરુશિષ્યની ઉપનિષદની પરંપરામાંથી શરુ થયેલ લાગે છે. ઉપનિષદમાં પણ દાર્શનિક વિષયો ઉપર વિવાદ થતા હતા. જેમકે, ગાર્ગી-અજાતશત્રુ, યાજ્ઞ વલ્કય-મૈત્રેયી સંવાદ, જનક-યારીવલ્કય સંવાદ, પ્રવાહણ શ્વેતકેતુ-નચિકેતા વગેરેના સંવાદોમાં તર્કની પ્રતીતિ આપણને થાય છે. (3) આમ, ચિંતન માટે શ્રુતિ અનુકૂલ તર્ક જ ગ્રાહ્ય ગણવામાં આવતો હતો (4) ન્યાયદર્શનમાં આ પરંપરા ફલિત થાય છે. છાંદોગ્ય, ઉપનિષદ (7.1.2) મા નારદ-સનત્કુમારસંવાદમાં વાકોવાક્ય નામથી ન્યાયવિદ્યાનો ઉલ્લેખ છે. ચાર વેદ, ધર્મશાસ્ત્રમાં ન્યાયનો સમાવેશ થયો છે. આથી જ કહેવાયું છે કે, ન્યાય બધી વિદ્યાઓમાં પ્રદીપ સમાન છે. ન્યાયવિદ્યાના જ્ઞાન સિવાય કોઇ કાર્ય કે ધર્મ સંપાદન ન થઇ શકે. ન્યાયવિદ્યા સર્વકર્મનો અને સર્વધર્મો આધાર છે. મૂળ છે (6)

આમ, ઉપનિષદની જ્ઞાનગંગાસ સાથે વિસ્તરેલ ન્યાયદર્શનના તેની સાથેના સામ્યને આપણે જોઇશું. ઉપનિષદ પ્રમાણે જીવાત્મા વસ્તુતઃ અસંગ છે. પરંતુ મન સાથેના તેના સંયોગથી તેને કામ અર્થાત્ ઇચ્છા વિશેષ,

તેના ફળરુપ સુખ, દુઃખ વગેરેનો અનુભવ થાય છે. આમ, મન એ જીવાત્માના આવા સુખ, દુઃખાત્મક અનુભવોનું સાધન બને છે.(7) જીવાત્મા ચક્ષુ-આદિ ઇન્દ્રિયોથી થનારા બધા પ્રત્યક્ષજ્ઞાનનું કર્તા છે તે જ્ઞાનનો આશ્રય છે.(8)

ન્યાયદર્શનમાં પણ સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, ધર્મ, અધર્મ, સંસ્કાર (ભાવના) એ આત્માના વિશેષ ગુણો છે(9) આમ જે કંઇ જ્ઞાનાત્મક અનુભવ છે તેનો આશ્રય આત્મા છે. ઇન્દ્રિયો જ્ઞાનનો આશ્રય નથી કે ઇન્દ્રિયના વિષયો પણ જ્ઞાનનો આશ્રય નથી. (10) જ્યારે હું ચક્ષુથી જોઉં છું. ત્વચાથી સ્પર્શ કરુ છું. વો અનુભવ થાય છે ત્યારે દર્શન કે સ્પર્શના પ્રત્યક્ષમાં ઇન્દ્રિયોથી ભિન્ન કોઇ પદાર્થ છે અને તે છે આત્મા. આત્મા આ પ્રત્યક્ષો મનરુપી સાધનથી કરે છે(11) જ્યારે જીવાત્માના કર્મોનો ક્ષય થાય છે. ત્યારે જીવાત્મા અને મનનો સંયોગ, કામયુક્ત સંબંધ છૂટી જાય છે. કર્મો વધુ ભોગવવાના ન હોઇને જીવાત્મા ભોગાયતન (શરીર) પણ ધારણ કરતો નથી. (12) આ જ વાત છાંદોગ્ય ઉપનિષદમાં પણ કહેવાઇ છે કે, જીવ શુદ્ધઇન્દ્રિય અને શુદ્ધ મનથી કામ-ઇચ્છાને જુએ છે. ભોક્તા થઇ તેમાં હંમેશ આનનંદથી રમણ કરે છે. કારણ કે તેનું મન અને ઇન્દ્રિયો પ્રકાશ સ્વરુપ થઇ જાય છે. આમ, પ્રતીત થાય છે કે, મુક્તિમાં પણ મન જ કરણ છે (13) સ્પષ્ટપણે ઉપનિષદ ન્યાયનું સામ્ય દષ્ટિગોચર થાય છે.

ઉપનિષદમાં મનની સુષુપ્તિની સ્તિતિનું પણ ઋષિઓ સુંદર વર્ણન કર્યુ છે. કે, જેમ બાજ અથવ અન્ય પક્ષી આકાશમાં ઉડતા-ઉડતા થાકી જાય છે અને પોતાની પાંખ સમેટીને પોતાના માળામાં બેસી જાય છે. એજ રીતે પુરુષ પણ એ જ ગાઢ સુષુપ્તિની અવસ્થા માટે ઉત્સુક રકહે છે. જે અવસ્થાને કામના ભંગ કરતી નથી કે સ્વપ્ન ભંગ કરતા નથી (14) પ્રશ્નોપનિષદમાં પણ કહ્યું છે કે, હે ગર્ણ્યજે પ્રકારે સન્ધ્યા સમયે બધા કિરણો એક પ્રકાશ મંડલમાં સમાય જાય છે. પ્રભાત સમયે તે જ કિરણો ફરી ફેલાય છે. એમ બધી ઇન્દ્રિયો તેના આશ્રય મનમાં લીન થાય છે. તેથી સુષુપ્તિમાં મનુષ્ય સાંભળી શકતો નથી કે, જોઇ શકતો નથી. લોકો તેને સુષુપ્ત કહે છે. થોડા પરિવર્તન સાથે ફરી સફળ રીતે ઋષિ જણાવે છે કે, સુષુપ્તિ અવસ્થામાં મન એક પ્રકાશ પારાવારમાં લીન થઇ જાય છે. ત્યારે આત્મા કોઇ પ્રકારના સ્વપ્ન જોતા નથી અને શરીરમાં અદભુત આનંદનું સ્ફૂરણ કરે છે (15) જ્યારે મનુષ્ય સૂજ જાય. ત્યારે તે સત્યથી કાકાર થાય, આથી લોકો કહે છે કે , સ્વપિતિ એનો અર્થ એ કે, આત્માલીન છે.

આ જ રીતે ન્યાયદર્શનમાં પણ સુષુપ્તિનું વર્ણન કરવામાં આવ્યુ છે કે, જાગ્રત અવસ્થામાં એક ઇન્દ્રિય સાથે જોડાયેલ મન, બીજી ઇન્દ્રિય તરફ ખેંચાય છે. તેથી જીવાત્મામાં પણ વિષય પ્રતિ આકર્ષણ થાય છે. પરંતુ સુષુપ્તિમાં મનનો કોઇ ઇન્દ્રિય સાથે સંયોગ હોતો નથી. એટલે તે વખતે તેને ઇન્દ્રિયજ્ઞાન થતું નથી. પરંતુ જ્યારે સુષુપ્તિમાંથી મનુષ્ય જાગે છે. ત્યારે મનનો સંયોગ ઇન્દ્રિય સાથે થાય. આ સંબંધ જોડનાર શું છે ? એવો પ્રશ્ન થાય તેનો ઉત્તર એ કે, સુષુપ્તિમાં પણ આત્મા સાથે મનનો સંયોગ હોય જ છે. આ સંયોગથી આત્મા પ્રયત્ન દ્વારા જાગેલ મનુષ્યનું મન

વિષય તરફ અલાતચક્રની જેમ ફરી જાય છે. (16) આ સુષુપ્તિનો વિચાર ઉપનિષદની ન્યાયદર્શનને આપેલ ભેટ ગણી શકાય.

જીવાત્મા જ શુભ તથા અશુભ કર્મોનો કર્તા અને એ કર્મોના ફળનો ભોગ કરનાર છે. આથી જીવાત્મા માટે જ શાસ્ત્રોમાં શુભ તથા અશુભ કર્મોનો વિધિ તેમજ નિષેધ ઉપદિષ્ટ થાય છે. જેથી પુરુષ પાપપુણ્ય રુપ કર્મથી મુક્ત થઇને શાન્તિ પામે છે. ઉપનિષદમાં એમ પણ કહ્યું છે કે, જેમ કોઇ જલમાં તત-સદશ જલ ઉમેરવામાં આવે તો તે પૂર્વ જસ સદશ જ થઇ જાય એમ બ્રહ્મજ્ઞાનીનો જીવાત્મા બ્રહ્મ જેવો બની થઇ જાય છે (17) તેના હૃદયના બધા જ ક્લેશો દૂર થઇ જાય છે (18)

ઉપનિષદની જેમ ન્યાયદર્શનમાં પણ શુભાશુભ કર્મો શારીરિક, વાચિક અને માનસિક એમ ત્રણ પ્રકારના ગણ્યા છે. આત્મામાં જે સંકલ્પજન્ય રાગ ઉત્પન્ન થાય છે. તેનાથી કર્મ જન્મે છે. પરંતુ સંકલ્પવિના આત્માને કોઇ રાગ ન થાય તેથી કર્મ પણ ન થાય (19) ફરીવાર કર્મ જનિત સુખદુઃખની ઉત્પત્તિ પણ ન થાય. આમ, આત્યન્તિક દુઃખ નિવૃત્તિ થતાં પુરુષ જીવન્મુક્ત થાય છે. મોક્ષ પામે છે. (20)

આમ, આપણે (ઉપર્યુક્ત કેટલાક) ઉપનિષદ્ અને ન્યાયદર્શનના જીવાત્મા, મન, કર્મ, મુક્તિ જેવા મુદ્દાઓ જોયા. તે ઉપરછી કેટલાંક ધ્યાનાકર્ષક વિચારો આપણને પ્રાપ્ત થાય છે. ઉપનિષદ કે દર્શનનો મન, કર્મ, જીવાત્મા જેવી ચર્ચાઓમાં ઋષિનું લક્ષ્ય અંતે તો પરમતત્વના તાદાત્મ્યનું જ છે.

પ્રાચીન ઋષિઓએ જે કલ્પના કરી હતી કે, ગાઢસુષુપ્તિમાં આત્મા જુદી જુદી નાડીઓ દ્વારા હૃદયમાંથી નીકળી પુરીતતની અંદર સ્થિર થાય છે. જ્યાંથી સુષુપ્તિનો ઉદય થાય છે. આ જ ભાવના ન્યાય દર્શનમાં વિકસિત થઇ છે. જેમાં સુષુપ્તિમાં આત્માનો હૃદયગુફા પુરીતતની અંદર પ્રવેશ અને સ્વપ્નમાં પુરીતતના દ્વારા પર રહેવું. (તેથી આગળ વધીને ન્યાયદર્શને કાન્તિ સર્જી છે કે, જાગ્રત અવસ્થામાં પણ આત્માની પુરીતત તરફ પ્રગતિ થાય છે. જે ક્રમશઃ મોક્ષ તરફ લઇ જાય છે.

આમ, ન્યાયદર્શનને સામાન્ય રીતે વાદ, વિવાદથી ભર્યું, શુષ્કદર્શન માનવામાં આવે છે. પરંતુ ઉદાહરણોથી અહીં સ્પષ્ટ થાય છે કે, ઉપનિષદ વિચારોની નિશ્રામાં આ દર્શન પોતાનો અધ્યાત્મ માર્ગ પણ પ્રસ્થાપિત કરે છે.

## પાદટિપ્પણ

(1) मुंडकोपनिषद् – 1.1.3

(2) The Principal Upanishads

Edi – Dr. S. Radha Krishnan

Pub : G. Allen & Unwin Ltd.

Edi – 1, Page 1

(3) જુઓ – બૃહદારણ્યક ઉપનિષદ

2.1 ગાર્ગી – અજાતશત્રુ સંવાદ

2.4 યાજ્ઞવલ્ક્ય – મૈત્રેયી સંવાદ

3.1 જ્ઞવલ્કીય કાંડ

4.1 જનક – યાત્રવલ્ક્ય સંવાદ

4.5 યાજ્ઞવલ્ક્ય – મૈત્રેયી સંવાદ

6.2 પ્રવાહણ – શ્વેતકેતુ સંવાદ

(4) प्रत्यक्षमनुमानञ्च सास्त्रञ्च विविधागमम्

त्रयंसुविदितं कार्य धर्मशुद्धिमीप्सुना

आर्षंधर्मोपदेशञ्च वेदशास्त्राविरोधिना

यस्तर्केणानुसंधत्ते स धर्म वेद नेतरः ।।

मनुस्मृति 12.105, 106

(5) (1) पुराणतर्कमींमासा धर्मशास्त्रड्, मिश्रिता

वेदाः स्थानिनि विधानां धर्मस्य च चतुर्दश ।।

याज्ञवल्क्यस्मृति – 1-3

(2) अन्यत्राप्युक्तम्

अगांनि वेदश्चत्वारो मीमांसान्यायविस्तरः ।

पुराणं धर्मशास्त्रं च विदा ह्येताश्चतुर्दश ।।

न्यायमञ्चरी, भाग-1, संपा.श्री न.जी. शाह, पृ. 5.6

(6) सेयमान्वीक्षिकी प्रमाणादिभिः पदार्थेविभज्यमाना-

प्रदीपः सर्वविधानामुपायः सर्वकर्मणाम् ।

आश्रयः सर्वधर्माणां विदादेशे प्रकीर्तिता ।।

न्यायभाष्य – 1.1.1, न्यायदर्शनम्, संथा ओ अमरेन्द्रमोहन तर्कतीर्थ, पृ. 64

(7) त्रीण्यात्मनेकुरुतेति मनो वाचं प्राणं

तान्यात्मनेकुरुतान्यत्रमना अभूवं नादर्शमन्यत्रमना

अभूवं नाश्रौषभिति मनसा ह्रेव पश्यति

मनसा श्रुणोति काभः सकल्पो विचिकित्सा

श्रद्धाश्रद्धा धृतिरधृतिर्धिर्मीरित्ये तत्सर्व मन
एव ....। बृहदारण्यक उपः 1.5.3
यदा सर्वे प्रमुच्यन्ते कामा येडस्य हयदिश्रिताः।
जृ.आ. 4.3.15

(8) एष ङि द्रष्टा स्पृष्टा श्रोता ध्राता रसयिता
मन्ता बोद्धा कर्ता विज्ञानात्मा पुरुषः स
प्रश्नोपनिषद – 4.9

(9) इच्छाद्वेषप्रयत्नसुखदुः खज्ञानान्यात्मनो लिगम्।
न्यायसूत्र 2.1.10

(10) दर्शनस्पर्शनाभ्यामेकार्थग्रहणात्। न्यायसूत्र 3.1.1
न विषयव्यवस्तानात्। न्यायसूत्र – 3.1.2
नेन्द्रियार्थयोस्तद्विनशेडपि ज्ञानावस्थानात्।
न्या सू. 3.2.18

(11) ज्ञातुर्ज्ञानसाधनोपपतेः संज्ञाभेदमात्रम्।
न्यायसूत्र 3.1.16

(12) न, करणाकरण्योशरम्भ दर्शनात्। चरितार्थानां
भूतानां विषयोपलब्धिकरणात्पुनः पुनः
शरीरारम्भो दश्यते प्रकृतिपुरुषयोर्नानात्वदर्शनस्य-
अकृरणान्निरर्थकः पुनः पुनःदश्यते। तस्माद्
कर्मनिभितायां भूतसृष्टौ न दर्शनार्था शरीर-
उत्पत्तिर्युक्ता युक्ता तु कर्मनिमित्ते सर्गे
दर्शनार्था शरीरोत्पत्तिः। कर्मविपाकसंवेदन
दर्शनामिति
न्यायभाष्य – 3.2.68, न्यायदर्शनम्, पृ. 455

(13) अथ यो वेदेदं मन्वानीति स आत्मा,
मनोस्य दैवं चक्षुः स वा एष एतेत
दैवेन चक्षुमा मनसौतन्कामान्पश्यन्नम्रते य
एते ब्रह्मलोके।

છાંદોગ્ય ઉપનિષદ 8.12.5

इन्द्रियेभ्यः परं मनो मनसः सत्वमुत्तमम् ।

- सत्त्वादधि महानात्मा महतोडव्यदतमुत्तमम् ।.12।.

अव्यक्तातु परः पुरुषो व्यपकोलिंग एव च ।

यश्वज्ञात्वा मुच्यते जन्तुरमृतत्वं च गच्छति ।।8

कठोपनिषद् – 2.3.7, 8

मुंडकोपनिषद् – 10 -15

(14) उदालको हारुण् श्वेतकेतुं पुत्रमुवाच

स्वप्नान्तं मे सोम्य विजानीह्यति यत्रैतत्पुरुषः

स्वपिति नाम सता सौम्य तदा सम्पन्नो

भवति स्वमपीतो भवति तस्मादेनं स्वपिती

त्याचक्षते स्व ह्यपीतो भवति ।

छांदोग्योपनिषद् – 6.8.1

(15) तस्मै होवाच । यथा गार्ग्य मरीचयोर्कस्यास्तं

गच्छतः सर्वा एतस्मिंस्तेजोमण्डल एकीभवन्ति ।

ताः पुनःपुनरुदयतः प्रचरन्त्येवं ह वै तत्सर्व

परे देवे मनस्येकीभवति । तेन तह्वेष पुरुषो

न श्रृणोति न पश्यति न जिघ्रति न रसयति

न स्पृश्यति नाभिवदते नादत्ते नानन्दयते न

विसृजते नेयायते स्वपितीत्याटक्षचे

प्रश्नोपनिषद – 4.2

(16) अलातचक्रदर्शनवत्तदुपलब्धिरासुसञ्चारात् ।

न्यायसूत्र – 3.2.58

(17) यदा पश्यः पश्यते रुक्तवणां कर्तारमीशं पुरुष ब्रह्मयोनिम् ।

तदा विद्वान्पुण्यपापे विधूय निरञ्जनः परं साम्यनुपैति ।।

मुंडकोपनिषद 3.1.3

यथोदकं शुदिधे शुद्धसिक्तं तादगेव भवति ।

एवं मुनेर्विजानत आत्मा भवति गौतम ।।

कठोपनिषद 1.1.15

(18) भिधते हृदयग्रन्थिश्छिधन्ते सर्वसंशयाः

क्षीयन्ते चास्य कर्माणि तस्मिन्दष्टे परावरे

मुण्डकोपनिषद् – 2.2.8

द्रष्टव्य

यथा नधः स्यन्दमानाः समुद्रेडस्तं गच्छन्ति नामरुपे विहाय ।

तथा विद्वान्नामरूपाद्विमुक्तः परात्परं पुरुषमुपैति दिव्यम् ।।

मुण्डकोपनिषद् 3.2.8

(19) प्रवृत्तिर्वागबुद्धि शरीरारम्भः । न्यायसूत्र 1.1.17

प्रवर्तनालाक्षणा दोषाः । न्यायसूत्र 1.1.18

प्रवृत्तिदो,जन्तितारर्थः फलम् – न्यायसूत्र 1.1.20

(20) दुःकजन्मप्रवृत्तिदो,मिथ्याज्ञानानामुत्तरोत्तरापाये

तदनन्तरापायादपवर्गः । न्यायसूत्र 1.1.2

तदत्यन्तविमोक्षोडपवर्गः । न्यायसूत्र 1.1.22

## સંદર્ભગ્રન્થો

(1) ईशादि नौ उपनिषद
वायख्याकार – हरिकृष्णदास गोदन्दका
प्रका. – गोविन्दभवन कार्यालय
गीताप्रेस, गोरखपुर
आ-20

(2) मांडूक्योपनिषद्
गौडपादकारिका सहित
લેખક – શ્રી અરવિન્દ હ. જોષી
પ્રકાશક – ચૂનીલાલ ગાંધી વિધાભવન
સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી,સૂરત

(3) भारतीय दर्शन
(सांख्य, न्याय वं वेदान्त)
लेखक – डॉ. रामकृष्णा आचार्य
एवं डॉ. बाबूराम त्रिपाठी

प्रकाशक – विनोद पुस्तक मन्दिर
आगरा
आ. 1, 1978

(4) उपनिषद् दर्शन का रचनात्मक सर्वेक्षण
लेखक – रामचन्द्र दत्तात्रेय रानाडे
अनुवादक – रामानन्द तिवारी
प्रकाशक – राजस्थान हिन्दी ग्रन्थ अकादमी
ए-26/2, विधालय मार्ग, तिलकनगर
जयपुर
आ-उ, 1989

(4) ઉપનિષદ નવનીત
લે. કિશોરભાઇ શિ. દવે
પ્રકા, યુનિવર્સિટી ગ્રન્થ નિર્માણ બોર્ડ
ગુજરાત રાજ્ય, અમદાવાદ
આ. 1, 1986

(5) न्यायदर्शनम्
भाष्य, वार्तिक, तात्पर्यटीका, वृत्ति सहित
संपादक – तारानाथ न्यायतर्कतीर्थ एवं
अमरेनद्रमोहन तर्कतीर्थ
प्रकाशक – मुन्शीराम मनोहरलाल पब्लिशर
शनी, झांसी रोड, न्यु दिल्ली -5
आ-2, 1985

(6) न्यायदर्शनम्
वात्स्यापनभाष्यसहितम्
आचार्य – दुष्टिराजशास्त्रि निर्मित प्रकाशिका
हिन्दी व्याख्यासहित
संपादक – श्री नारायणमिश्र
प्रकाशक – चौखम्बा संस्कृत संस्थान
वाराणसी – 1
आ-3, 1983

(7) न्याय परिचयं
श्री फणिभूषण तर्कवागीश
हिन्दी अनुवादक – डॉ. श्री किशोरनाथ झा
संपादक – डॉ. श्री दिनेशचन्द्र गुह
प्रकाशक – चौखम्बा विधाभवन
वाराणसी – 1

आ.1.1968

(9) न्यायमञ्जरी

भाग-1

લેખક – શ્રી ન.જી. શાહ

પ્રકાશક – લાલભાઇ દલપતભાઇ પ્રાચ્યવિધામંદિર

અમદાવાદ – 9

આ.1, 1975

(10)ન્યાય – વૈશેષિક દર્શન

લેખક – શ્રી ન.જી. શાહ

પ્રકાશક – યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ

ગુજરાત રાજ્ય, અમદાવાદ

આ.1, 1974

**************************************************************

ડૉ. ઉર્વશી સી. પટેલ
સી. યુ. શાહ આર્ટ્સ કોલેજ
લાલ દરવાજા
અમદાવાદ

Copyright © 2012- 2016 KCG. All Rights Reserved. | Powered By : Knowledge Consortium of Gujarat